**કો. મુ. નં. ૮૭ / ૨૦૧૦**

**આંક ૦૧ લગત હુકમ**

હાલના કામે વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ રૂા. ૬૦,૦૦૦/- ના આંકથી મિલકતનો કબજો તથા રકમ વસુલ મેળવવા દાખલ કરેલ છે. જે અનુસંધાને પ્રતિવાદી તર્ફે દાવાજવાબ રજુ થયા બાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક ૧૨ થી તા. ૦૯/૧૦/૨૦૧૫ ના રોજ મુદા કાઢવામાં આવેલ છે ત્યારબાદ વાદી તર્ફે તા. ૦૩/૦૯/૨૦૧૬ ના રોજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે, પરંતુ સોગંદ પર કોઇ સરતપાસ રજુ કરવામાં આવેલ નહી. જેથી સદર કામ વાદીના પુરાવા રજુ કરવા પર મુલત્વી રહેલ છે. સદર કામે ઘણી મુદતોથી વાદી કે તેઓના વકીલશ્રી હાજર રહેતાં ન હોય, વાદીને કોર્ટ સમક્ષ હાજર રહેવા નોટીસ કરતાં વાદીના કુલમુખત્યાર ચાર વર્ષ અગાઉ મરણ ગયેલ છે તેવા બેલીફના તા. ૦૮/૦૮/૨૦૧૭ ના રોજના શેરાથી નોટીસ વગર બજયે પરત આવેલ છે. સદર વાદીના કુલમુખત્યાર મરણ ગયેલ હોવા અંગેની જાણ તેઓના દીકરા દ્વારા જ કરવામાં આવેલ છે જેથી વાદીને દાવાની જાણ છે તેમ જણાય આવે છે તેમ છતાં આજદીન સુધી વાદી તર્ફે કોઇ વારસ રેકર્ડ પર આવેલ નથી કે વાદીએ જાતે હાજર થઇ દાવાની કાર્યવાહી આગળ ચલાવવા કોઇ રસ દાખવેલ નથી કે નવીન કોઇ કુલમુખત્યાર હાલના કામે હાજર થયેલ નથી અને ઘણી મુદતોથી સદર કામે કોઇપણ જાતની કાર્યવાહી વગર એક મુદતમાંથી બીજી મુદતમાં રાખવામાં આવે છે. આજદીન સુધી વાદી જાતે કે વકીલ મારફતે હાજર થયેલ નથી કે આજદીન સુધી સોગંદ પર કોઇ જુબાની કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, સદર કામે આંક ૧૨ થી મુદા કાઢવામાં આવ્યા બાદ ઘણી મુદતોથી વાદી જાતે હાજર રહેલ નથી કે વાદી તર્ફે પુરાવો રજુ કરી કામ આગળ ચલાવવા કોઇ પ્રયત્ન કરેલ નથી તેમજ સદર દાવો મુળ સને ૨૦૧૦ ના વર્ષમાં દાખલ કરવામાં આવેલ છે. આજરોજ પણ પોકાર કરતાં વાદી જાતે કે વકીલ મારફતે હાજર નથી કે કોઇ અરજી કે રીપોર્ટ રજુ કરેલ નથી. વધુમાં સી.પી.સી ઓર્ડર ૧૭ રૂલ ૧ મુજબ પુરાવાના સ્ટેજે વધુમાં વધુ ત્રણ મુદતો આપી શકાય નહી. આમ, વાદીને હાલના કામે પુરતી તક આપવા છતાં પુરાવો રજુ થયેલ ન હોય, હાલનો દાવો ચલાવવામાં વાદીને રસ હોય તેમ જણાય આવતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલનો દાવો વાદીની ગેરહાજરી સબબ ડીસમીસ ફોર ડીફોલ્ટ યાને રદ્દ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૫ માહે જાન્યુઆરી, ૨૦૧૮ ના દિને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી. જે. કાયસ્થ)

એડી. સીવીલ જજ, પેટલાદ